ખાસ અગત્યનુ/ઈ–મેઈલ દવારા

ક્રમાંક :– ઉમબ/ઉમા–૮/૨૦૧૬/1890-192
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક ન. ૯/૧ , ડો.જી.મ.ભવન,
ગાંધીનગર તા.૨૬-૨–૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :–એકપણ જુનિયર કલાર્ક નથી તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વહીવટી સહાયકની ભરતી કરવા અંગે.

સંદર્ભ :– ૧. શિક્ષણ વિભાગના તા. ૧–૮–૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક બમશ/૧૧૦૯/ઓડી/૦૮/ગ.
૨. આ કચેરીના તા. ૧૯–૧૨–૨૦૧૪ ના પત્ર ક્રમાંક નં. ઉમબ/ઉમા.૮/ભરતી /૨૦૧૪/ ૧૦૨૭૦–૩૦૮

ઉપરોકત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનુ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧–૮–૨૦૧૧ ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીનુ સંખ્યાબળ નકકી કરવા બાબતે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા આધારીત માપદંડ નકકી કરવામાં આવેલ છે.

તા. ૩૧–૧૦–૨૦૧૪ ની સ્થિતિએ જે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક પણ કલાર્ક ન હોય તેવી શાળાઓને આ કચેરી દવારા વહીવટી સહાયકની ભરતી કરવા મંજુરી આપવામાં આવેલ છે. હવે તા. ૩૧–૩–૨૦૧૬ ની સ્થિતિએ આપના જીલ્લા હસ્તકની એક પણ કલાર્ક ન હોય તેવી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટી સહાયકની ભરતી કરવા સંદર્ભે ની ખાલી જગ્યાની માહિતી નીચે જણાવેલ પત્રકમાં આપના દવારા સ્થળ તપાસ કરાવી ખરેખર જગ્યા મળવાપાત્ર છે કે કેમ ? તે અંગેના સ્પષ્ટ અભિપ્રાય સાથે જીલ્લાની શાળાઓની યાદી સાથે દિન–૧૦ માં આ કચેરીને મોકલી આપશો.

ક્રમ	વિગત	જવાબ				
૧	શાળાનુ નામ –સરનામુ					
૨	શાળાના ધો. ૯ થી ૧૨ ના વર્ગોની સંખ્યા	ધોરણ	૯	૧૦	૧૧	૧૨
		વર્ગ				
૩	શાળાના ધો. ૯ થી ૧૨ ના વર્ગોની વિદ્યાર્થી સંખ્યા	ધોરણ	૯	૧૦	૧૧	૧૨
		વિદ્યાર્થી સંખ્યા				
૪	મળવાપાત્ર બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યા	જુ.કા.	શ્રે.કા.	મુ.કા.	ઓ. એસ.	કુલ
૫	ભરાયેલ જગ્યા					
૬	ખાલી જગ્યા					
૭	જગ્યા ખાલી પડવાનુ કારણ	૧. અવસાન				
		૨. નિવૃત્તી/સ્વૈ.નિવૃત્તિ				
		૩. ફાજલ કર્મચારી માતૃશાળામાં રીકોલ થવાથી				
		૪. ફાજલ કર્મચારીને અન્ય શાળામાં સમાવતા				

૮	જો ફાજલ થી જગ્યા ખાલી પડતી હોય તો ૧.ફાજલ કર્મચારીનુ નામ ૨. વિષય ૩. ફાજલ કર્મચારીને શાળામાં ક્યારથી અને કઈ જગ્યા સમાવવામાં આવેલ છે.? ૪. ફાજલ કર્મચારીને માતૃશાળામાં રીકોલ કરવામાં આવેલ છે કે અન્ય શાળામાં સમાવવામાં આવેલ છે ? ૫. જો માતૃશાળામાં રીકોલ કરવામાં આવેલ હોય તો કઈ શાળામાં રીકોલ કરવામાં આવેલ છે અને રીકોલ કરવામાં આવેલ તમામ પ્રક્રિયા નિયમાનુસારની થઈ છે ? આધાર સહિત સ્પષ્ટતા ૬.જો અન્ય શાળામાં સમાવવામાં આવેલ હોય તો આવી જોગવાઈ છે ? જો હોય તો તેના ઠરાવ / પરિપત્રની નકલ અને ના હોય તો કયા કારણોસર અન્ય શાળામાં સમાવવામાં આવેલ છે તેની સ્પષ્ટતા	
૯	જિ.શિ.અધિ.શ્રીનો સ્પષ્ટ અભિપ્રાય.	

માનનીય આયુકતશ્રીની શાખા નોંધ પરના આદેશાનુસાર

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર